**એમ.એ.સી.પી.નં.૨૫/૨૦૨૪**

**<u>-:: આંક-૦૧ તળે હુકમ ::-</u>**

આ કામે પક્ષકારોને આજરોજ નેશનલ લોક અદાલતમાં અકસ્માત વળતર કેસમાં રૂ.૨૨,૦૦,૦૦૦/- માં વળતર ચુકવવા સમાધાન રજુ કરતા સમાધાન નોંધી લેવામાં આવે છે અને નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૧) સામાવાળા નં.૩ રીલાયન્સ જનરલ ઈન્સોયરેન્સ કંપની લી. અરજદારોને રૂ.૨૨,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા બાવીસ લાખ હજાર પુરા) વળતર રૂપે નિર્દિષ્ટ સમયમાં ચુકવી આપવા.

(૨) સમાધાન મુજબની રકમ વિમા કંપનીએ કાનુની સમયમાં જમા કરાવવી તેમાં વિલંબ કર્યેથી અરજદારને ૯ % વ્યાજ સહિત રકમ જમા કરવાની રહેશે.

(૩) વળતરની રકમ જમા થયેથી નીચે મુજબ ચુકવી આપવી.

| ક્રમ નં. | અરજદારનું નામ | રોકડા | ૬ વર્ષ માટે અરજદારના નામે ફિક્સ ડીપોઝીટમાં મુકવી. |
|---|---|---|---|
| ૧. | સરીફાબાઈ ઉમર ચાવડા | રૂ.૬,૪૦,૦૦૦/- | રૂ.૬,૦૦,૦૦૦/- |
| ૨. | સાઈનાબેન ઉમરભાઈ ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૩. | સાયરાબાઈ ઉમર ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૪. | ચાવડા અસગરઅલી ઉમરભાઈ | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| ૫. | ફૈઝાન ઉમર ચાવડા | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૨૦,૦૦૦/- |
| | **કુલ રકમ રૂપીયા** | **રૂ.૧૧,૨૦,૦૦૦/-** | **રૂ.૧૦,૮૦,૦૦૦/-** |

(૪) અરજદાર કોર્ટની પરવાનગી સિવાય ફીકસ ડીપોઝીટ વટાવી શકશે નહી કે તેના ઉપર લોન,બોજો, તારણ ઉભુ કરી શકશે નહી.

(૫) અરજદારે ભરપાઈ કરેલ પુરેપુરી કોર્ટ ફી પરત આપવી.

(૬) પાકતી મુદતે સંલગ્ન બેન્કે અરજદારને ફીક્સ ડીપોઝીટના નાણાં ચુકવી આપવા.

(૭) પક્ષકારોને હુકમનામાની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

(૮) હુકમ મુજબ એવોર્ડ/ડીક્રી દોરવી.

હુકમ આજ તા.૧૪મી, માહેઃમાર્ચ,સને-૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

અંજાર-કચ્છ.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(કે.કે.શુક્લ)**
મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ
(ઓક્ઝી.નં.૩),અંજાર-કચ્છ.
યુ.આઈ.ડી.કોડ નં.જીજે-૦૦૫૪૭

//એચ.એન.ભાવસાર//